પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૮૭ | ૨૮ ડિસેમ્બર, ૨૦૧૮, શુક્રવાર; માગશર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ત્રિપલ તલાક બિલ લોકસભામાં પસાર

## કોંગ્રેસ અને ડીએમકનો વોકઆઉટ : ચાર કલાક સુધી તર્કદાર દલીલો બાદ બિલ પાસ કરી દેવાયું : બિલની તરફેણમાં ૨૪૫ અને વિરોધના ૧૧ મત પડ્યા : ઓવૈસી દ્વારા રજૂ સુધારા પ્રસ્તાવને નામંજુર કરાયા : રાજ્યસભામાં મોદી સરકાર સામે પડકાર

નવીદિલ્હી, તા. ૨૭

ત્રિપલ તલાક બિલ ૨૦૧૮ આજે લોકસભામાં પાસ થઈ ગયું હતું. હવે આને રાજ્યસભામાં મંજુરી માટે રજૂ કરવામાં આવશે. ત્યારબાદ જ ત્રિપલ તલાક કાનૂન બની શકશે. સંસદમાં વર્તમાન ૨૫૬ સાંસદોમાંથી ૨૪૫ સભ્યોએ તરફેણમાં મતદાન કર્યું હતું જ્યારે ૧૧ સભ્યોએ વિરોધ કર્યો હતો. આની સાથે જ ગૃહમાં અસાસુદીન ઓવૈસીએ ત્રણ સુધારા પ્રસ્તાવને પણ મંજુરી મળી ન હતી. અન્ય કેટલાક સુધારા પ્રસ્તાવને પણ મંજુરી મળી ન હતી. કોંગ્રેસ અને અન્નાદ્રમુકના સભ્યોએ બિલના વિરોધમાં વોકઆઉટ કર્યો હતો. વોટિંગના ગાળા દરમિયાન ઉપસ્થિત રહ્યા ન હતા. સમાજવાદી પાર્ટીના સભ્યોએ પણ વોટિંગમાં ભાગ લીધો ન હતી. આ બિલની સામે લાવવામાં આવેલા તમામ સુધારા પ્રસ્તાવ ઉડી ગયા હતા. જો કે, રાજ્યસભામાં હવે તકલીફ પડશે. ડિસેમ્બર ૨૦૧૭માં પણ લોકસભામાં ત્રિપલ તલાક બિલને મંજુરી મળી હતી પરંતુ રાજ્યસભામાં આ બિલ ઉડી ગયું હતું. ત્યારબાદ સરકારે ત્રિપલ તલાકને લઈને વટહુકમ લાવીને ફરીથી સરકારનો આજે લોકસભામાં સુધારા બિલ રજૂ કરવાની ફરજ પડી હતી. લોકસભામાં ત્રિપલ તલાકને અપરાધ તરીકે ગણવાના બિલને મંજુરી આપવા માટે સરકાર માટે રાજ્યસભામાં આને પસાર કરવાની બાબત પડકારરુપ રહેશે. ગૃહમાં એનડીએ પાસે બહુમતિ નથી. લોકસભામાં તેની પાસે બહુમતિ છે. આજે ત્રિપલ તલાક બિલ ઉપર જોરદાર ચર્ચા ચાલી હતી. દિવસ



દરમિયાન લોકસભા સ્પીકરે સરકાર અને વિપક્ષને ચર્ચા માટે ચાર કલાકનો સમય આપ્યો હતો. વિપક્ષનું કહેવું છે કે, આ બિલમાંથી ત્રિપલ તલાકને દંડ માટેના અપરાધમાંથી દૂર કરવામાં આવે તે જરૂરી છે. જો કે, સરકારે આને મુસ્લિમ મહિલાઓના સશક્તિકરણની દિશામાં પહેલ તરીકે ગણાવી છે. કાનૂન મંત્રી રવિશંકર પ્રસાદે ડિબેટ દરમિયાન કહ્યું હતું કે, ત્રિપલ તલાક લેનાર

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ત્રણ બેંકોને સરકાર મદદ કરશે

એનપીએ અને ખોટના કારણે માંદી પડેલી સાર્વજનિક ક્ષેત્રની સાત બેંકોને સરકાર રૂ. ૨૮,૬૧૫ કરોડની મદદ કરશે. આ રકમ માસના અંત સુધી પુનઃ પુંજીકરણ બોન્ડ હેઠળ આ બેંકોને અપાશે. સૌથી વધુ રકમ બેંક ઓફ ઈન્ડિયા, ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સને મળશે.

### છત્તીસગઢમાં વિભાગોની વહેંચણી

છત્તીસગઢ મંત્રી મંડળમાં વિભાગોની વહેંચણી કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેશ બધેલે નાણા, ઉર્જા, સામાન્ય પ્રશાસન જેવા વિભાગો પોતાની પાસે રાખ્યા છે. બધેલ મંત્રીમંડળમાં ૧૨ મંત્રીઓને સમાવાયા છે.

### ચીને એસ-૪૦૦ મિસાઈલનુ સફળ પરીક્ષણ કર્યુ

ચીને રશિયાની એસ-૪૦૦ મિસાઈલ હવાઈ રક્ષા પ્રણાલીનુ સફળ પરીક્ષણ કર્યુ છે. ભારતે પણ આ મિસાઈલીના પરીક્ષણ માટે કરાર કર્યા છે.

## દેશમાં મુસ્લિમ એ જ માનશે જે કુરાનમાં : આઝમ ખાન

ઉત્તરપ્રદેશના પૂર્વ કેબિનેટ મંત્રી અને સમાજવાદી પાર્ટીના શક્તિશાળી નેતા આઝમ ખાને ફરી એકવાર નિવેદન કરીને ચર્ચા જગાવી છે. ત્રિપલ તલાક બિલને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે આઝમ ખાને કહ્યું છે કે, મુસ્લિમો માટે કોઈ કાયદા માન્ય નથી. મુસ્લિમો માત્ર કુરાનમાં માને છે જે કુરાનમાં કહેવામાં આવ્યું છે તે બાબત જ માનશે. આઝમે કહ્યું હતું કે, તલાકની પ્રક્રિયા કુરાનમાં આપવામાં આવી છે. જે મુસ્લિમ છે અને કુરાનમાં માને છે તે તમામ બાબત જાણે છે. માત્ર કુરાનના કાયદા મુસ્લિમોને માન્ય છે.

## બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે, **દિનેશભાઈ શીવરામભાઈ પરમારની સુપુત્રી ચિ. યોગીતાબેન**નું દુઃખદ અવસાન તા. ૨૬/૧૨/૨૦૧૮ને બુધવારના રોજ થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૮/૧૨/૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : બ્લોક નં. ૮૦/૨, જ-૨ ટાઈપ કેટેગરી, સેક્ટર-૧૨, ગાંધીનગર

લી.
દિનેશભાઈ એસ. પરમાર
મધુબેન ડી. પરમાર

ગાંધીનગર માટે
LED TV રીપેરીંગ માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડીયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેક્શીકન લોન એરીયા
સિધ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા
ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalayfarm&partyplot.com | shivalayfarm&partyplot@gmail.com
શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ
૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઈન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અદ્યતન કિચન વ્યવસ્થા
બુકિંગ ચાલુ છે
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુધ્ધસિંહ 98981 85149
ક-૭, વસંતવગડોની સામે, ગાંધીનગર-રાંધેજા રોડ, ગાંધીનગર

NA જગ્યા વેચવાની છે
નંદાસણથી ૪ કિ.મી. ના અંતરે, માથાસુર-કડી રોડ ટચ.
માથાસુર ગામની આશરે ૨૫૦૦૦ ચો. વાર, ઈન્ડસ્ટ્રીયલ એન.એ. જમીન, ટાઈટલ ક્લીઅર, જી.ઈ.બી. કનેક્શન તથા પ્લીન્થ લેવલ કોટ સાથે
સંપર્ક: કનુભાઈ 9825362999 | પ્રવિણભાઈ 8401480250 | સમય સવારે ૧૦ થી સાંજે ૬

# શત્ શત્ પ્રણામ



**સ્વ. શ્રી વિષ્ણુભાઈ મફતલાલ પટેલ**
જન્મ તા. ૨૭/૧/૧૯૪૨ ● સ્વર્ગવાસ તા. ૨૫/૧૨/૨૦૧૮, મંગળવાર
વતન : ઈસનપુરમોટા, તા.જી. ગાંધીનગર
ચેરમેન : સદ્ભાવ એન્જિનિયરીંગ લી., અમદાવાદ

આપની ઉદાર સખાવતોથી ઈસનપુરમોટા ગામ આદર્શ ગામ બન્યું છે. માદરે વતન પરત્વેનો આપનો પ્રેમ અને સમર્પિત ભાવથી માત્ર ઈસનપુરમોટા ગામ જ નહિ પરંતુ આસપાસના હજારો ગ્રામજનો આપના સેવાભાવથી ભીંજાયા છે. આપના માતબર દાનથી ઈસનપુર ગામમાં શૈક્ષણિક, આરોગ્ય અને વિકાસના કામો નોંધપાત્ર થયા છે. આપે હંમેશા માદરે વતનના વિકાસના સ્વપ્ન સાથે ભગીરથ કામ કર્યા છે. ત્યારે આપની અણધારી વિદાયથી ઈસનપુરમોટા ગામના સમસ્ત ગ્રામજનો આઘાતની લાગણી અનુભવે છે. આપ સદેહે અમારી વચ્ચે નથી પરંતુ આપનું નામ અને કામ ઈસનપુરમોટાના ઈતિહાસમાં અમર બનીને રહેશે...

**મરણ અહીં છો રહ્યું, સ્મરણમાં વહે જીંદગી**

આપનો વતન પ્રેમ અને ઉમદા સ્વભાવ અમારા સંસ્કાર બનીને પાંગર્યા છે.
આપનો સેવા અભિગમ ઈસનપુરમોટા ગામની આગવી ઓળખ બની છે.

પરમકૃપાળુ પરમાત્મા આપના પુણ્ય આત્માને
ચિરશાંતિ આપે એવી પ્રાર્થના સાથે
સમગ્ર ઈસનપુરમોટા ગામ
**શત્ શત્ નમન પાઠવે છે.**

## : પ્રાર્થના સભા :

**તારીખ :** ૩૦/૧૨/૨૦૧૮, રવિવાર ● **સમય :** સવારે ૯ થી ૧૨ કલાકે
**સ્થળ :** સંતોકબા સંસ્કાર ભવન, શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલ, ઈસનપુરમોટા, તા. જી. ગાંધીનગર

- ઈસનપુરમોટા ગ્રામ પંચાયત
- ધી ઈસનપુરમોટા સેવા સહકારી મંડળી લી.
- ઈસનપુરમોટા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.
- બ્રહ્મસમાજ - ઈસનપુરમોટા
- એમ. બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ
- કડવા પાટીદાર સમાજ - ઈસનપુરમોટા
- રાજપૂત સમાજ - ઈસનપુરમોટા
- શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલ, ઈસનપુરમોટા

**ઈસનપુરમોટાના સમસ્ત ગ્રામજનો**